For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સ્માર્ટ સિટીમાં માત્ર ૪ ઇંચ વરસાદમાં જળબંબાકાર

VMCનો કરોડોનો રોડ પ્રોજેક્ટ ધોવાયો: ૫ વર્ષમાં ૪૦૦ કરોડ વપરાયા છતાં પહેલા જ વરસાદે રસ્તા બિસમાર

પાલિકા અને કોન્ટ્રાક્ટરોની નબળી કામગીરી સામે લોકરોષ

વાઘોડિયા રોડ

વાડી સ્વામી નારાયણ મંદિર રોડ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

દેશભરમાં શહેરોના વિકાસ અને સુવિધાઓ વધારવાના પ્રયાસો વચ્ચે સ્માર્ટ સિટી યોજના હેઠળ અમદાવાદ અને વડોદરા જેવા શહેરોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. પરંતુ વડોદરા શહેરની સ્થિતિ અંગે વાત કરીએ તો, માત્ર 20 કિમીની ત્રિજ્યા ધરાવતા આ સ્માર્ટ સિટીમાં રોડ-રસ્તાઓની હાલત અત્યંત બિહામણી બની ગઈ છે. એક સમયે વડોદરાને પેરિસ જેવું મોડેલ શહેર બનાવવાની મોટી-મોટી વાતો કરવામાં આવતી હતી, પરંતુ વાસ્તવિકતા એ છે કે ચોમાસા દરમિયાન પાણી ભરાવાની અને રસ્તાઓ તૂટવાની સમસ્યા દર વર્ષે યથાવત્ રહે છે.

ચાલુ વર્ષે પણ શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની ગંભીર સમસ્યાઓ સામે આવી હતી. રાવપુરા, ખોડિયાળ, ગોરવા અને ચોખંડી જેવા મુખ્ય વિસ્તારોમાં માત્ર 4 ઈંચ વરસાદ પડતાં જ જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી. છેલ્લા 5 વર્ષના ગાળામાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા રૂ. 400 કરોડથી પણ વધુના ખર્ચે વિવિધ કોન્ટ્રાક્ટરો મારફતે શહેરના રસ્તાઓ તૈયાર કરવામાં આવ્યા છે. આમ છતાં, ચોમાસાની શરૂઆતમાં જ આ તમામ રસ્તાઓ વરસાદના પાણીમાં ધોવાઈ ગયા હોય તેવી ચિંતાજનક સ્થિતિ નિર્માણ પામી છે. માત્ર એક જ સીઝનના વરસાદમાં કરોડોના ખર્ચે બનેલા રસ્તા ધોવાઈ જવાની આ ઘટના માત્ર આ વર્ષની જ નથી દર વર્ષે રિપીટ થાય છે.

જનતા પૂછે છે: 'બ્લેકલિસ્ટ' ક્યારે થશે ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો?

દર વર્ષે ચોમાસાની શરૂઆતમાં જ રસ્તાઓ ધોવાઈ જાય છે, પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા પાણીમાં વહી જાય છે અને પાલિકા તંત્ર માત્ર 'તપાસના આદેશ' આપીને સંતોષ માની લે છે. એક જ સીઝનમાં તૂટી જતા રસ્તાઓ બનાવનાર કોન્ટ્રાક્ટરો કેમ દર વર્ષે કરોડોના ટેન્ડર મેળવી લે છે? નબળું કામ કરનારાઓ સામે દંડનીય કે બ્લેકલિસ્ટ કરવાની કાર્યવાહી ક્યારે થશે?

ઓનલાઈન સ્વમૂલ્યાંકન બાદ 33% શાળાઓની વેરિફિકેશન દ્વારા ચકાસણી થશે

શાળાઓનું એક્રેડિટેશન, GCERT ૧૭ ઓગસ્ટથી બાહ્ય મૂલ્યાંકન શરૂ કરશે

શિક્ષકોની કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ યોજનાની મુદત પણ ડિસેમ્બર સુધી લંબાવાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓના એક્રેડિટેશનની પ્રક્રિયા હવે આગળ વધશે. જીસીઈઆરટી દ્વારા જી-એસક્યુએએએફ (GSQAAF) ફ્રેમવર્ક હેઠળ આગામી 17 ઓગસ્ટથી 31 ઓગસ્ટ દરમિયાન ઓનલાઈન સ્વમૂલ્યાંકનની કામગીરી હાથ ધરાશે.

શિક્ષણ વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યની કુલ 51 હજાર શાળાઓમાંથી સ્વમૂલ્યાંકન પૂર્ણ કરનારી શાળાઓમાંથી 33 ટકા એટલે કે અંદાજે 17 હજાર શાળાઓનું બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવશે. આ મૂલ્યાંકન પારદર્શક અને નિષ્પક્ષ રીતે થાય તે માટે રાજ્યભરમાંથી આશરે 7 હજાર વેરિફાયર્સની નિયુક્તિ કરવામાં આવશે. પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ વિભાગના સક્રિય તેમજ નિવૃત્ત અધિકારીઓ અને શિક્ષકો આ માટે અરજી કરી શકશે. ઈચ્છુક ઉમેદવારોએ પોર્ટલ પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. અગાઉ વર્ગ-2 અને વર્ગ-3ના અધિકારીઓ દ્વારા આ કામગીરી થતી હતી, પરંતુ ગુણવત્તાને લઈને ફરિયાદો આવતા હવે નિયુક્ત વેરિફાયર્સને જ જવાબદારી સોંપવાનો નિર્ણય લેવાયો છે.

શિક્ષણ વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, એક્રેડિટેશન પ્રક્રિયાનો મુખ્ય હેતુ રાજ્યની શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા, શૈક્ષણિક માળખું, વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ સુવિધાઓ અને શિક્ષણના પરિણામોનું અસરકારક મૂલ્યાંકન કરવાનો છે. આ પ્રક્રિયાના આધારે શાળાઓને સુધારા માટે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવશે.**

આ સાથે જ રાજ્યની સરકારી કોલેજ અને યુનિવર્સિટી સાથે જોડાયેલી ગ્રાન્ટેડ કોલેજોના અધ્યાપકો, ગ્રંથપાલ અને અન્ય સ્ટાફ માટેની કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ અંતર્ગત ઓરિયેન્ટેશન-રિફ્રેશર કોર્સની સમયમર્યાદા ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે. શિક્ષણ વિભાગે સ્પષ્ટતા કરી છે કે જો કોઈ અધ્યાપક સમયમર્યાદામાં કોર્સ ન કરી શક્યા હોય તો પણ તેમને સીએએસ હેઠળ ઈન્ક્રિમેન્ટ અને સિલેક્શન ગ્રેડનો લાભ મળશે. આ નિર્ણયથી રાજ્યના પાંચ હજારથી વધુ અધ્યાપકોને રાહત મળશે તેવું અધ્યાપક મંડળે પણ આવકાર્યું છે.

આજવા રોડ પર વૃદ્ધના ગળામાંથી સોનાની ચેઈન તોડી ગઠિયા ફરાર

વૃદ્ધ સવારે ચાલવા નીકળ્યા હતા ત્યારે નિશાન બનાવ્યા

ચાલવાના બહાને નજીક આવી ગઠિયાએ ખેલ પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરા શહેરમાં વહેલી સવારે વોકિંગ માટે નીકળતા સિનિયર સિટિઝનો હવે ચેઈન સ્નેચરોના નિશાન પર આવી રહ્યા છે. આજવા રોડ પર આવેલા કમલાનગર તળાવ પાસે વોકિંગ કરી રહેલા 61 વર્ષીય વૃદ્ધના ગળામાંથી બે ગઠિયાઓએ પળવારમાં આશરે 11 ગ્રામ વજનની સોનાની ચેઈન ઝૂંટવી ફરાર થઈ જતાં વિસ્તારમાં ચકચાર મચી હતી. ઝૂંટવાયેલી ચેઈનની કિંમત આશરે રૂ.65 હજાર હોવાનું જાણવા મળ્યું છે.

ભાગ્યલક્ષ્મી ટાઉનશીપમાં રહેતા નિવૃત્ત પ્રેમચંદ હરીશંકર યાદવ દરરોજ સવારે કમલાનગર તળાવ ખાતે વોકિંગ કરવા જાય છે. ઘટનાના દિવસે સવારે આશરે 6:30 વાગ્યે તેઓ તળાવની આસપાસ ફરી રહ્યા હતા. તે દરમિયાન એક્ટિવા પર આવેલા બે અજાણ્યા શખસોમાંથી એકે વાહન થોડે દૂર ઊભું રાખ્યું, જ્યારે પાછળ બેઠેલો શખસ વૃદ્ધની પાછળ ચાલતો આવ્યો હતો. યોગ્ય તક મળતા જ આરોપીએ પાછળથી ગળામાં હાથ નાખી સોનાની ચેઈન ઝૂંટવી લીધી અને દોડી જઈ પોતાના સાગરિત સાથે એક્ટિવા પર બેસી દત્તનગર તરફ પૂરઝડપે ફરાર થઈ ગયો હતો. અચાનક બનેલી ઘટનાથી વૃદ્ધ ગભરાઈ જતાં આરોપીઓની એક્ટિવાનો નંબર પણ નોંધાવી શક્યા નહોતા.

બનાવ અંગે પ્રેમચંદ યાદવે બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કમલાનગર તળાવ અને આસપાસના માર્ગોના CCTV ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે. પોલીસે આરોપીઓને ઝડપી પાડવા માટે વિવિધ દિશામાં તપાસ હાથ ધરી છે તેમજ વહેલી સવારે વોકિંગ માટે નીકળતા નાગરિકોને સાવચેતી રાખવા અપીલ કરી છે.

વડોદરામાં સપ્તાહભર વરસાદી માહોલની આગાહી

(પ્રતિનિધિ)વડોદરા,તા.7

વડોદરામાં આગામી એક સપ્તાહ દરમિયાન વાદળછાયું વાતાવરણ અને હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ 8 અને 9 ઓગસ્ટે ગાજવીજ સાથે વરસાદ અને 30થી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. શુક્રવારે શહેરનું મહત્તમ તાપમાન 33.2 ડિગ્રી અને લઘુત્તમ 27 ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતાં અનુક્રમે 1.9 અને 1.5 ડિગ્રી વધુ છે. સવારે ભેજ 83 ટકા અને સાંજે 67 ટકા રહ્યો હતો. 10થી 13 ઓગસ્ટ દરમિયાન પણ વાદળછાયું વાતાવરણ સાથે હળવા વરસાદની સંભાવના છે. હવામાન નિષ્ણાંતોના જણાવ્યા મુજબ 9થી 12 ઓગસ્ટ દરમિયાન ગુજરાતમાં વરસાદનો નવો રાઉન્ડ સક્રિય થઈ શકે છે અને આગામી 72 કલાકમાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

સ્થાનિકોની ફરિયાદ બાદ દબાણ શાખા એક્શન મોડમાં

અલકાપુરી 'કાનાકેપિટલ'નાપાર્કિંગમાંથી ગેરકાયદે દબાણો તોડી પાડવામાં આવ્યા

ગેરકાયદે ઓટલો જમીનદોસ્ત કરી રસ્તો ખુલ્લો કરાવાયો, નડતરરૂપ લારી-ગલ્લાં પણ હટાવાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખાએ અલકાપુરી વિસ્તારમાં ગેરકાયદે દબાણો સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. સ્થાનિક રહીશોની સતત ફરિયાદોને આધારે ટીમે અલકાપુરી સ્થિત 'કાના કેપિટલ' બિલ્ડિંગના પાર્કિંગમાં કરવામાં આવેલા અનધિકૃત બાંધકામને દૂર કરી માર્ગ ખુલ્લો કરાવ્યો હતો.

માહિતી મુજબ, બિલ્ડિંગના પાર્કિંગ વિસ્તારમાં ગેરકાયદે મોટો ઓટલો બનાવવામાં આવ્યો હતો. જેના કારણે મુખ્ય માર્ગ સાંકડો બની ગયો હતો અને વાહનચાલકો તેમજ સ્થાનિક રહીશોને અવરજવર કરવામાં ભારે મુશ્કેલી પડતી હતી. રોજબરોજ ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતી હોવાથી રહીશોએ પાલિકા સમક્ષ અનેક રજૂઆતો કરી હતી.

ફરિયાદોને પગલે દબાણ શાખાની ટીમ બિલ્ડિંગ ઈન્સ્પેક્ટર મેહુલ સોલંકીની હાજરીમાં સ્થળ પર પહોંચી હતી. અધિકારીઓની દેખરેખ હેઠળ ગેરકાયદે ઓટલો તોડી પાડીને પાર્કિંગ વિસ્તાર અને માર્ગને ફરી ખુલ્લો કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન દબાણ શાખાએ આસપાસના મુખ્ય માર્ગો પર પણ ચેકિંગ હાથ ધરી વાહનવ્યવહાર અને રાહદારીઓને નડતરરૂપ લારી-ગલ્લા તેમજ રસ્તા પરના પથારા દૂર કરાવ્યા હતા. પાલિકાની આ અચાનક કાર્યવાહીથી દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાયો હતો, જ્યારે લાંબા સમયથી સમસ્યાનો સામનો કરી રહેલા સ્થાનિક રહીશોએ માર્ગ ખુલ્લો થતાં રાહતની લાગણી વ્યક્ત કરી હતી.

અલગ-અલગ ભાગના અન્ય વ્યક્તિઓને વેચાણ દસ્તાવેજ કરી આપ્યાનો આક્ષેપ

આસોજની જમીનના સોદામાં રૂ.૭૮.૫૦ લાખની ઠગાઈ, ૧૦ સામે ગુનો દાખલ

ભાગીદાર અને બિલ્ડરને બાનાખતના ભંગ બાબતે નોટિસ પણ પાઠવાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા તાલુકાના આસોજ ગામની કરોડો રૂપિયાની જમીનના સોદામાં રૂ.78.50 લાખ ચૂકવ્યા છતાં જમીન અન્ય વ્યક્તિઓના નામે વેચી દેવામાં આવતાં ઠગાઈનો મામલો સામે આવ્યો છે. આ અંગે બિલ્ડર સુનિલ આસનદાસ મખીજા સહિત 10 લોકો સામે સમા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદી બાલમુકુંદ સવજીભાઈ આંબલીયા (રહે. જેતપુર)ના જણાવ્યા મુજબ, વર્ષ 2023માં સુનિલ મખીજાએ આસોજ ગામની જમીનમાં ભાગીદાર બનવા માટે વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ બાલમુકુંદભાઈ અને તેમના ભાગીદારોએ ચેક, RTGS, રોકડ અને આંગડિયા મારફતે અલગ-અલગ હપ્તામાં કુલ રૂ.78.50 લાખની ચુકવણી કરી હતી. 17 ઓગસ્ટ, 2024ના રોજ જમીન માલિકો સાથે બાનાખત પણ કરવામાં આવ્યો હતો, જેમાં બિનખેતી (NA) અને પ્લોટ વેલિડેશન બાદ વેચાણ દસ્તાવેજ કરવાનો કરાર થયો હતો.

જોકે તપાસમાં સામે આવ્યું કે બાનાખત અમલમાં હોવા છતાં જમીનના અલગ-અલગ ભાગોના વેચાણ દસ્તાવેજ 25 અને 27 ફેબ્રુઆરી, 2025ના રોજ અન્ય વ્યક્તિઓ તેમજ ઓમ સાંઈ એન્ટરપ્રાઈઝના નામે કરી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ જમીન માલિકોએ બાનાખત ભંગની નોટિસ પાઠવી હતી.

ફરિયાદમાં આરોપ મૂકાયો છે કે પૂર્વયોજિત કાવતરું રચી ફરિયાદી અને તેમના ભાગીદાર સાથે છેતરપિંડી કરવામાં આવી છે. બાલમુકુંદ આંબલીયાએ સુનિલ મખીજા, જમીન માલિકોના કુલમુખત્યાર સહિત 10 લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. સમા પોલીસે ગુનો નોંધી જમીનના દસ્તાવેજો, નાણાકીય વ્યવહારો અને સમગ્ર સોદાની તપાસ શરૂ કરી છે.

આરોપીઓના નામ

(1) જયંતિભાઈ શંકરભાઈ પટેલ
(2) ઉર્મીલાબેન જશભાઈ પટેલ
(3) રોહીત જશભાઈ પટેલ
(4) સંજયભાઈ જશભાઈ પટેલ
(5) જયાબેન પિનાકીનભાઈ પટેલ
(6) જવલ પિનાકીનભાઈ પટેલ
(7) હેતા પિનાકીનભાઈ પટેલ
(8) સાહિલ સુનિલ મખીજા
(9) સુનિલ આસનદાસ મખીજા
10 કોમલ સુનીલ મખીજા

વડોદરા પાલિકામાં 'કામ શૂન્ય, બિલ પૂરા'

રૂ.૨ કરોડના બગીચા વિકાસના કામ, ફેન્સિંગ અને રમકડાં અંગે ગેરરીતિ થયાના આક્ષેપ

મેયર અને સ્ટેન્ડિંગ ચેરમેન સ્થળ મુલાકાત લઈને ભ્રષ્ટ કોન્ટ્રાક્ટર સામે કડક પગલાં ભરશે કે નહીં? નાગરિકોમાં ઉઠતા સવાલો

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા શહેર મહાનગરપાલિકામાં પાલિકાના પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને પૂર્વ મ્યુનિસિપલ કમિશનરના સમયગાળા દરમિયાન શહેરમાં તમામ પ્લોટોમાં અને બગીચાની આજુબાજુના પ્લોટોમાં નવા ફેન્સિંગ આપવા તેમજ બાળકોના રમતગમતના સાધનો ગોઠવવા માટે એકેડમિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સોલ્યુશન લિમિટેડ નામના કોન્ટ્રાક્ટરને ૨,૦૦,૦૦,૦૦૦ થી વધુની રકમનો કોન્ટ્રાક્ટ મંજૂર કરી દેવામાં આવ્યો હતો. જેમાં કામનો સમય ૧૫/૪/૨૦૨૫ થી શરૂ થયો હતો, જેમાં પ્લોટોમાં ફેન્સિંગ આપવાનો તથા બાળકોના રમતગમતના સાધનો મુકવાનો ગ્રાઉન્ડ પ્લોટ હોય તો રીપેર કરવા તેમજ નવા રમતગમતના સાધનો ગોઠવવાની કામગીરી કોન્ટ્રાક્ટરને આપવામાં આવી છે.

પરંતુ શહેરમાં એકપણ પ્લોટોમાં ફેન્સિંગ આ પવાનો, ચિલ્ડ્રન પાર્કની જગ્યામાં રમતગમતના સાધનો ગોઠવવાનો કે નવા રમતગમતના સાધનો આપવાનો તો વાંધો આવે છે જ, પરંતુ તે સિવાય પ્લોટોમાં ફેન્સિંગ આપવાનો અને બાળકોના રમતગમતના સાધનો આપવાનો તો વાંધો ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે શહેરમાં પ્લોટોની મુલાકાત લેતા જ ફિટનેસના સાધનો તો કાટ ખાધેલી હાલતમાં આંખે ઊડીને વળગે તેવા દેખાય છે. આમ છતાં વડોદરા મહાનગરપાલિકાના ખુલ્લેઆમ અધિકારીઓએ આ કોન્ટ્રાક્ટરને ૨,૦૦,૦૦,૦૦૦ ની મર્યાદામાં કામ તો આપ્યું તે આપ્યું, પણ વધુ રકમ વાપરવાનો રસ્તો પણ ખુલ્લો કરી આપ્યો છે, જે દર્શાવે છે કે શહેરમાં સ્માર્ટસિટીના ડેપ્યુટી મેયર અથવા સ્ટેન્ડિંગ ચેરમેન વડોદરા શહેરના ગોરવા વિસ્તારની મુલાકાત લઈ ફેન્સિંગ આપવાની કામગીરી કોન્ટ્રાક્ટરે કરી છે કે નહીં તેમજ બાળકોના રમતગમતના સાધનો ક્યાં આપ્યા છે એ તમામ તપાસ કર્યા બાદ જ પાલિકામાં આવતો ભ્રષ્ટ કોન્ટ્રાક્ટર દ્વારા કેવા પ્રકારનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે તેની તપાસ કરી સામે પગલાં લેવા જોઈશે.

એમએસયુની પાદરા કોલેજના વિદ્યાર્થીઓ માટે ૭૫% હાજરીના નિયમમાં રાહતની માગ

વિદ્યાર્થીઓની આગેવાનો સાથે કોઓર્ડીનેટરને ઉગ્ર રજુઆત

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

મહારજા સયાજીરાવ યુનિવર્સીટીના વિદ્યાર્થી અગ્રણીનો આગેવાનીમાં પાદરા કોલેજના વિદ્યાર્થીઓએ કો-ઓર્ડિનેટરને રજૂઆત કરી 75 ટકા ફરજિયાત હાજરીના નિયમમાં રાહત આપવા માંગ કરી હતી તેમજ જો વિદ્યાર્થીઓના હિતમાં યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે, તો આગામી સમયમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી.

વિદ્યાર્થીઓએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, દૂર-દૂરથી અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓને રોજિંદી મુસાફરી દરમિયાન અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેથી તેમની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હાજરીના નિયમમાં યોગ્ય રાહત આપવામાં આવે. એમએસયુની પાદરા બિલ્ડિંગના વિદ્યાર્થીઓને 75 ટકા ફરજિયાત હાજરીના નિયમમાં રાહત આપવામાં આવે. બહારગામથી આવતા વિદ્યાર્થીઓને મેઈન બિલ્ડિંગ, યુનિટ બિલ્ડિંગ અથવા ગર્લ્સ બિલ્ડિંગ સહિત કોઈપણ બિલ્ડિંગમાં પોતાના વિષયના લેક્ચર અટેન્ડ કરવાની મંજૂરી આપવામાં આવે, જેથી અનાવશ્યક મુસાફરી ટાળી શકાય. વિદ્યાર્થીઓએ વધુમાં જણાવ્યું હતું કે, જો બહારગામથી આવતા વિદ્યાર્થીઓને રસ્તામાં કોઈ અકસ્માત અથવા અન્ય અનિચ્છનીય ઘટના બને, તો તેની જવાબદારી સંબંધિત ફેકલ્ટીના ડીનની રહેશે. વિદ્યાર્થી નેતા નિખિલ સોલંકીએ ચીમકી આપી હતી કે જો વિદ્યાર્થીઓના હિતમાં યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે, તો આગામી સમયમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે. તેમણે તંત્રને વિદ્યાર્થીઓની વાજબી માંગણીઓ પર ગંભીરતાથી વિચાર કરવાની અપીલ કરી હતી.

સુનિલ મખી જય આપેલા ચેક બેંકમાં ડિપોઝિટ કરાવતા બાઉન્સ થયા

અગાઉની સમજૂતી હેઠળ તેમણે રાજકોટની દુકાન તથા જેતપુરના ફ્લેટ આપવાના હતા. જોકે બાદમાં સુનીલ મખીજાએ તેના બદલામાં રૂ.72 લાખના બે ચેક તથા રૂ.6 લાખનો અન્ય એક ચેક આપ્યો હતો. આ પૈકીના ચેક તા.7 નવેમ્બર 2024ના રોજ બેંકમાં જમા કરાવતા બાઉન્સ થયા હતા. પરિણામે પોતાની મિલકતોના દસ્તાવેજ સુનીલ મખીજાના નામે કર્યા ન હતા. ચેક બાઉન્સ મામલે જેતપુરની કોર્ટમાં નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 હેઠળ ફરિયાદ પણ દાખલ કરવામાં આવી છે.

કેન્ટીન પાસે હથકડી ખોલતાં પોલીસને ચકમો આપી ભાગ્યો હતો

SSG હોસ્પિટલમાં પોલીસ જાપ્તામાંથી ભાગેલો આરોપી ૧૦ કલાક બાદ ઝડપાયો

આરોપી તેના ઘરે આવશે તેવી માહિતીના પગલે વોચ ગોઠવી ક્રાઈમ બ્રાન્ચે દબોચ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.7

દુષ્કર્મ અને પોક્સો જેવા ગંભીર ગુનામાં જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ રહેલા આરોપી ગોવિંદ રમેશ મહોણીયા (મૂળ વતન તણસણિયા, દાહોદ) સારવાર માટે પોલીસ જાપ્તા હેઠળ SSG હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. બપોરે હોસ્પિટલની કેન્ટીન પાસે હથકડી ખોલતાં જ તેણે પોલીસની નજર ચૂકવીને ફરાર થઈ જતાં પોલીસ તંત્રમાં દોડધામ મચી હતી.

આરોપી સામે સમા પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મ અને પોક્સો હેઠળ ગુનો નોંધાયેલો છે અને તે વડોદરા મધ્યસ્થ જેલમાં બંધ હતો. બનાવ અંગે રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરાર થવાનો ગુનો નોંધાયા બાદ પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર અને સંયુક્ત પોલીસ કમિશનર નિલેશ જાજડિયાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચ સહિત વિવિધ ટીમોને શોધખોળમાં જોડવામાં આવી હતી.

પોલીસે હોસ્પિટલ અને આસપાસના વિસ્તારોના CCTV ફૂટેજની તપાસ કરી તેમજ હ્યુમન સોર્સને સક્રિય કર્યા હતા. તપાસ દરમિયાન માહિતી મળી હતી કે આરોપી છાણી કેનાલ નજીક આવેલા પોતાના રહેઠાણ તરફ આવી શકે છે. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચે વિસ્તારમાં ખાનગી વોચ ગોઠવી હતી.

રાત્રે આશરે 10:30 વાગ્યે આરોપી છાણી કેનાલ પાસે પહોંચતા જ પોલીસે તેને ઝડપી લીધો હતો. આમ, હોસ્પિટલમાંથી ફરાર થયાના માત્ર 10 કલાકમાં જ આરોપીની ધરપકડ કરવામાં સફળતા મળી હતી. ત્યારબાદ આરોપીને ફરી પોલીસ કસ્ટડીમાં લઈ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

સ્થાયી બેઠકમાં ૩૪ દરખાસ્તો મંજૂર હરણીમાં સ્વિમિંગ પુલ બનશે

દક્ષિણ ઝોન કચેરીથી લઈને ઈ-બસ ચાર્જિંગ, અને વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક વર્ગખંડ સહિતના મહત્વના નિર્ણય

(પ્રતિનિધિ) વડોદરા, તા. 7

માંજલપુર વિધાનસભાની પેટાચૂંટણી બાદ આચારસંહિતા પૂર્ણ થતાં વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની પ્રથમ બેઠક ચેરમેન વર્ષાબેન વ્યાસની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં એજન્ડાની 33 અને એક વધારાની મળીને કુલ 34 દરખાસ્તો સર્વાનુમતે મંજૂર કરાઈ હતી.

બેઠકમાં સેન્ટ્રલ સ્ટોર, અગ્નિશામક સેવા, બિલ્ડિંગ પ્રોજેક્ટ, જમીન-મિલકત, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, પાણી પુરવઠા, યુડીસી પ્રોજેક્ટ અને સામાન્ય વહીવટ સહિતના વિવિધ વિકાસલક્ષી મુદ્દાઓ પર નિર્ણય લેવાયા હતા. ચેરમેન વર્ષાબેન વ્યાસે જણાવ્યું હતું કે દંતેશ્વરી મનન પાર્ક સામે દક્ષિણ ઝોન કચેરીના બાંધકામને મંજૂરી આપવામાં આવી છે. જોકે, સ્થળને લઈને ગુજરાત હાઈકોર્ટમાં કેસ ચાલી રહ્યો હોવાથી અંતિમ સ્થળ અંગેનો નિર્ણય હાઈકોર્ટના આદેશ મુજબ મ્યુનિસિપલ કમિશનર લેશે. બેઠકમાં ગોતરી ખાતે ઈ-બસ ચાર્જિંગ સ્ટેશનના બીજા તબક્કાને મંજૂરી, ઉત્તર ઝોનના ટીપી-1 વિસ્તારમાં નવા સ્વિમિંગ પૂલના નિર્માણને મંજૂરી તેમજ માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં આવેલી જન્મ-મરણ નોંધણી કચેરી માટે નવી ઓફિસ બનાવવાનો નિર્ણય પણ લેવાયો હતો. અગ્નિશામક દળના કર્મચારીઓ માટે કલ્યાણ ફંડની દરખાસ્તને પણ મંજૂરી આપવામાં આવી હતી. ઉત્તર ઝોનમાં આવેલી ટીપી-૧ વિસ્તારમાં નવો સ્વિમિંગ પૂલ બનાવવાની મંજૂરી અપાઈ છે. જર્જરીત શાળાનું મકાન તોડવામાં આવતાં વિદ્યાર્થીઓના અભ્યાસમાં વિક્ષેપ ન પડે તે માટે નજીકની 11 પાલિકાની દુકાનોને એક વર્ષ માટે વૈકલ્પિક વર્ગખંડ તરીકે ફાળવવાનો નિર્ણય પણ લેવાયો છે.

માંગણીઓ નહીં સ્વીકારાય ત્યાં સુધી હડતાળ ચાલુ રાખવા નિર્ણય

ઘંટડીના નાદથી દિવાળીપુરા કોર્ટ ગુંજી ઉઠી સતત ત્રીજા દિવસે પણ વિરોધ યથાવત

હડતાળ પૂર્ણ ન થાય ત્યાં સુધી આ જ પ્રકારની એકતા જાળવી રાખવા અપીલ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 7

હાઈકોર્ટના પરિપત્ર સહિત વિવિધ માંગણીઓને લઈને વડોદરા વકીલ મંડળ દ્વારા શરૂ કરવામાં આવેલી હડતાળનો આજે પણ વકીલોનો મજબૂત પ્રતિસાદ જોવા મળ્યો હતો. પરિપત્રના વિરોધમાં વકીલોએ ઘંટડી વગાડી અનોખી રીતે વિરોધ નોંધાવી પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. મોટી સંખ્યામાં વકીલો એકત્ર થઈ સૂત્રોચ્ચાર સાથે વિરોધમાં જોડાયા હતા.

વડોદરા વકીલ મંડળ દ્વારા વિવિધ માંગણીઓને લઈને શરૂ કરવામાં આવેલી હડતાળને ગઈકાલે મોટી સંખ્યામાં વકીલોનું સમર્થન મળ્યું હતું. હડતાળને સફળ બનાવવા માટે વકીલોએ કોર્ટની કામગીરીથી દૂર રહી એકતા દર્શાવી હતી. વકીલ મંડળે પણ તમામ વકીલોના સાથ અને સહકાર બદલ આભાર વ્યક્ત કરી હડતાળ પૂર્ણ ન થાય ત્યાં સુધી આ જ પ્રકારની એકતા જાળવી રાખવા અપીલ કરી છે.

દરમિયાન હાઈકોર્ટના પરિપત્રના વિરોધમાં વકીલોએ આજે ઘંટડી વગાડી વિરોધ પ્રદર્શન કર્યું હતું. ઘંટડીના નાદ સાથે વકીલોએ એકત્ર થઈ પરિપત્ર સામે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. આ દરમિયાન વકીલોના સૂત્રોચ્ચારથી કોર્ટ પરિસર ગુંજી ઊઠ્યું હતું.

વકીલ મંડળ દ્વારા આજે આશ્ચર્યજનક પરિપત્રની હોળી કરવાનો કાર્યક્રમ પણ યોજવાની જાહેરાત કરવામાં આવી છે. પરિપત્રની હોળી કરી વકીલો દ્વારા પોતાની માંગણીઓ અને વિરોધને વધુ ઉગ્ર બનાવવાની તૈયારી કરવામાં આવી છે.